## સંગ્રામ ગુજરાતનો

# મોદી ૨૦મીએ સૌરાષ્ટ્રમાં ચાર જનસભા સંબોધશે

### સૌરાષ્ટ્ર ઝોનના વેરાવળ, ધોરાજી, અમરેલી અને બોટાદમાં જનસભાને સંબોધશે : મતદાનના પહેલા ચરણમાં આવતા ઝોન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેલી અને જનસભાને સંબોધશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમા વિધાનસભાની ચૂંટણીને લઈ રાજકીય પહલ-ચહલ તેજ થઈ છે. ઉમેદવારોના નામ જાહેર થતાં પ્રચારનું કામ ધમધોકાર શરૂ થવા જઈ કહ્યું છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પ્રચારમાં કોઈ કસર છોડવા માંગતા નથી. ચૂંટણીને લઈ ભાજપ, કોંગ્રેસે ૪૦-૪૦ સ્ટાર પ્રચારકો નીમ્યા છે. આ બધાની વચ્ચે વડાપ્રધામ મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. પીએમ મોદી ૧૯ નવેમ્બરે ગુજરાતના પ્રવાસે આવશે. જે પ્રવાસ દરમિયાન તેઓ મતદાનના પહેલા ચરણમાં આવતા ઝોન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેલી અને જનસભાને સંબોધશે.

વિધાનસભાની ચૂંટણીના નગારે ઘા વાગી ગયા છે ત્યારે પીએમ મોદી બે દિવસ ગુજરાતમાં પ્રચાર અર્થે ગુજરાત આવશે. વડાપ્રધાન ૧૯ નવેમ્બરે વાપીમાં રોડ શો કરશે. તેમજ વલસાડમાં જનસભાને પણ સંબોધન કરશે. તેમજ ૨૦ નવેમ્બરે તેઓ ચાર જનસભાને સંબોધશે. જેમાં



સૌરાષ્ટ્ર ઝોનના વેરવાળ, ધોરાજી, અમરેલી અને બોટાદમાં જનસભાને સંબોધશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ નારણપુરા વિધાનસભાના ઉમેદવાર જીતેન્દ્ર પટેલ (ભગત)ના નારણપુરા સ્થિત મધ્યસ્થ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ હાજર હતા.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જીતેન્દ્ર પટેલને જીતાડવા માટે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત આજે કેન્દ્રીય ગૃહ મંત્રી અમદાવાદની એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ઉમેદવાર સાથે રેલી યોજી ફોર્મ ભરવા પહોંચ્યા હતા. ફોર્મ ભર્યા પહેલાં અમિત શાહએ પત્રકારોને જણાવ્યું હતું કે, એલિસબ્રિજ ભાજપનો ગઢ છે. એલિસબ્રિજ વિધાનસભામાં ભાજપની થશે જીત. સાથે જ આમ આદમી પાર્ટી પર પ્રહાર કરતા તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ સીધી ટક્કર છે. ગુજરાતમાં ત્રીજો પક્ષ ક્યારેય ફાવ્યો નથી.

## કોંગ્રેસે ચૂંટણી માટે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી

### મલ્લિકાર્જૂન ખડગે, સોનિયા,રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, દિગ્વિજયસિંહ, સચિન પાયલોટ પણ આવશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના મતદાનની તારીખોના કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયો છે. આપ, ભાજપ કે કોંગ્રેસના ની બેઠકો પર ઉમેદવારોના નામ પણ જાહેર થઈ ગયા છે. તો બીજી બાજુ ચૂંટણીને લઈને



રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર-પ્રસાર કરતાં પણ જોવા મળી રહ્યાં છે. ભાજપ, કોંગ્રેસ અને આપ આ ત્રણેય પાર્ટીઓએ ચૂંટણી જીતવા માટે પોતાના રાજકીય બેઠકોનો દાવપેચ પણ શરૂ કરી દીધો છે. હવે કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણી માટે ૪૦ સ્ટાર પ્રચાકોની યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં ગુજરાત કોંગ્રેસના કેટલાક નેતાઓ શક્તિસિંહ, જગદીશ ઠાકોર, જીગ્નેશ મેવાણી, અનંત પટેલને સ્થાન અપાયું છે. આ યાદી પ્રમાણે મલ્લિકાર્જૂન ખડગે, સોનિયા, રાહુલ ગાંધી સહિત ૪૦ નેતાઓનો સમાવેશ થાય છે. જ્યારે સ્ટાર પ્રચારક તરીકે પ્રિયંકા ગાંધી, દિગ્વિજયસિંહ, સચિન પાયલોટને સ્થાન અપાયુંછે.

## ચૂંટણીમાં કોંગ્રેસનો સાયલન્ટ પ્રચાર ભાજપને અકળાવે છે


### વડાપ્રધાને પણ નોંધ લઇને કહ્યું હતું કે ચેતી જજો, આ વખતે કોંગ્રેસે ખાટલા બેઠકો શરૂ કરી છે

ગાંધીનગર, તા. ૧૫

ચૂંટણી આવી છે ત્યારે ભાજપ અને આમ આદમી પાર્ટીએ તેનો ચૂંટણી પ્રચાર જોરશોરથી શરૂ કર્યો છે પરંતુ કોંગ્રેસ સાયલન્ટ છે. કોંગ્રેસની આવી સ્ટેટેજી ભાજપના પ્રદેશ નેતાઓને અકળાવી રહી છે. ચૂંટણી જાહેર થાય તે પહેલાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દીય મંત્રીઓએ ગુજરાતને પ્રચાર સભાઓ દ્વારા ઘમરોળ્યું હતું.

એવી જ રીતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ મહિનામાં ચાર થી પાંચ ચક્કર લગાવી મતદારોનો જીવંત સંપર્ક કર્યો છે પરંતુ કોંગ્રેસના એકપણ રાષ્ટ્રીય નેતા હજી સુધી ગુજરાતમાં ફરક્યા નથી. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી કે કોંગ્રેસન સિનિયર નેતા પ્રિયંકા ગાંધીની ગેરહાજરીમાં કોંગ્રેસનો પ્રચાર સાયલન્ટ મોડમાં ચાલી રહ્યો છે.

રાહુલ ગાંધી ભારત જોડો



યાત્રાને કારણે ગુજરાતથી ભલે દૂર હોય પરંતુ તેઓ નિયમિત રીતે ટ્વિટર પર કોંગ્રેસના ચૂંટણી વચનો પોસ્ટ કરીને ગુજરાત સાથે જોડાયેલા રહ્યાં છે. ગુજરાતના રાજકીય નિરીક્ષકો એવું કહી રહયા છે કે કોંગ્રેસના આવા સાયલન્ટ પ્રચારની વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ નોંધ લેવી પડી છે. ગુજરાતની મુલાકાત દરમ્યાન મોદીએ ભાજપના કાર્યકરોને ચેતવણી આપતાં કહયું હતુ કે આ વખતે કોંગ્રેસની નેતાગીરી મને કોઈ ગાળો બોલતી નથી. માત્ર ખાટલા બેઠકો કે પછી ટિફીન બેઠકો કરી રહી છે. તેનાથી સાચવજો.

એટલે તેમનો કહેવાનો અર્થ એવો હતો કે ભાજપના કાર્યકરોએ વધુ પડતાં આત્મ વિશ્વાસમા રહેવા જેવું નથી.રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત ગુજરાતની રાજનીતિ સારી રીતે જાણે છે, તેઓ અગાઉ ગુજરાતના ચૂંટણી પ્રભારી રહી ચૂકયા છે, એટલે ૧૨૫ બેઠકોનો લક્ષ્યાંક નક્કી કરીને તેના પર કોઈપણ જાતના હોહા કે દેકારો કર્યા વિના પ્રચાર સ્ટેટેજી બનાવી છે, જે ગુજરાતમાં કોઈપણ ઈલેક્ટ્રોનિક કે સોશ્યલ મિડીયાને દેખાતી નથી.

## ગુજરાતમાં એકમાત્ર BTPના છોટુ વસાવા ભાજપને હંફાવી રહ્યાં છે

### આદિવાસી નેતા પહેલીવાર ૧૯૮૫માં ચૂંટણી લડ્યા હતા પરંતુ ૧૯૯૦માં પહેલીવાર જીત્યા પછી ક્યારેય હાર્યા નથી

ગાંધીનગર, તા. ૧૫

ભારતીય ટ્રાયબલ પાર્ટીના દબંગ આદિવાસી નેતા છોટુ વસાવા પ્રત્યેક ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને હંફાવીને વિજયી બનતા આવ્યા છે. તેઓ સાત વખત ઝઘડિયાની બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવેલા છે હવે તેમણે આઠમી વખત ઉમેદવારી કરી છે.

તેઓ તેમના પિતા અને સસરા પાસેથી રાજકારણના પાઠ ભણ્યાં છે. છોટુ વસાવા ૧૯૮૫માં પ્રથમ વખત ચૂંટણી લડ્યા હતા પરંતુ ૧૯૯૦માં જનતાદળની ટિકીટ પર જીત્યા હતા ત્યારથી આજદિન સુધી તેઓ ચૂંટાઇ આવ્યા છે.છોટુ વસાવાના પિતા અમરસિંહ સરકારી નોકરી કરતા હતા અને દક્ષિણ ગુજરાતમાં જમીન અધિકારના મુદ્દાને આગળ કરીને તેઓ આદિવાસીના પ્રિય નેતા બની ગયા હતા.

તેઓએ હમણાં જ કહ્યું હતું કે હું જીવીશ ત્યાં સુધી ચૂંટણી લડીશ અને લડાવીશ. ભાજપ અને કોંગ્રેસ ગમે તેટલા ધમપછાડા કરે છે પરંતુ ઝઘડિયાની બેઠક પર તેમના ઉમેદવારને વિજય મળતો નથી. આ બેઠક પર ૧૯૬૨ થી ૧૯૮૫ સુધી કોંગ્રેસના ઉમેદવારનો દબદબો હતો. ભાજપને આ બેઠક ક્યારેય મળી નથી, કારણ કે છોટુ વસાવા ૧૫ ટકા આદિવાસી વોટબેંક પર પક્કડ ધરાવે છે.

૨૦૧૭ની ચૂંટણીમાં તેમણે જનતાદળ સાથે છેડો ફાડી નવી પાર્ટીની રચના કરી હતી. છોટુ વસાવા માને છે કે જે રીતે અમેરિકાના વોશિંગ્ટન ડીસી સ્થિત વ્હાઈટ હાઉસ દુનિયામાં સત્તાનું કેન્દ્ર છે તેવું આદિવાસીઓનું પણ શક્તિકેન્દ્ર હોવું જોઈએ. જોવા જઈએ તો રાજ્યની ૧૮૨ પૈકી ૨૭ બેઠકો પર આદિવાસી સમુદાયનો નોંધપાત્ર પ્રભાવ છે તેથી રાજકીય પાર્ટીઓ માટે આદિવાસી સમાજ એ વોટબેંક છે.

## વિઝન ડોકયુમેન્ટ વિના ભાજપના નેતાઓએ પ્રચાર શરૂ કર્યો છે

### ચૂંટણી પહેલાં મોદીએ ગુજરાતમાં આવીને જે વચનો આપ્યાં છે તે ચૂંટણી ઢંઢેરામાં આવરી લેવાની પ્રક્રિયા હવે શરૂ કરાઇ છે

ગાંધીનગર, તા. ૧૫

ભાજપ ટિકીટ વિતરણના ડખ્ખાને ઉકેલી શકતી નથી તેથી વિઝન ડોક્યુમેન્ટ કે જેને ચૂંટણી ઢંઢેરો કહેવામાં આવે છે તે જાહેર થયુ નથી. ભાજપ આવનારા પાંચ વર્ષમાં શું કરવા માગે છે તે મુદ્દાઓ પ્રજા સમક્ષ જાહેર કરી શક્યું નથી.

બીજીતરફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરા પ્રજા સમક્ષ મૂકી દીધાં છે. ભાજપ જેને રેવડી કલ્ચર કહે છે તે ખુદ ભાજપે અગાઉની ચૂંટણીમાં જાહેર કરેલું જ છે. હવે આવનારા પાંચ વર્ષ માટે ભાજપ કેટલી રેવડી આપે છે તે જોવાનું રહે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આમ તો તેમની રાજયવ્યાપી સભાઓ તેમજ સમારંભોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલી કામગીરીનું રિપોર્ટ કાર્ડ પ્રજા સમક્ષ મૂક્યું છે જેમાં સૌરાષ્ટ્રમાં નર્મદાનું પાણી મુખ્ય મુદ્દો છે. પ્રદેશ ભાજપના પ્રમુખ સીઆર પાટીલની ટીમ મોદીના મુદ્દાઓ ભેગા કરીને પણ વિઝન ડોક્યુમેન્ટ બનાવી શરી નથી. ભાજપની કેન્દ્રીય નેતાગીરી સુશાસન અને વિકાસના મુદ્દાઓ પ્રજા સમક્ષ આગળ કરી રહી છે.

કોંગ્રેસે ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર, ૩૦૦ યુનિટ વીજળી ફ્રી અને કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ જેવા મુદ્દા આવરી લીધા છે. કોંગ્રેસે ખેડૂતો માટે ત્રણ લાખ સુધીના દેવામાફીનું પણ વચન આપ્યું છે. ૧૦ લાખ યુવાનોને નોકરી આપવાનો વાયદો કર્યો છે. મહત્વની બાબત એવી છે કે ભાજપના શાસનના ભ્રષ્ટાચારની તપાસ કરવાનું કોંગ્રેસના નેતાઓ કહે છે પરંતુ પ્રતિકારરૂપે હજી સુધી ભાજપના નેતાઓ તેમના વચનો જનતા સમક્ષ મૂકી શક્યા નથી. વિઝન ડોક્યુમેન્ટ એ સરકાર અને સંગઠનન માટે વચનામૃત હોય છે પરંતુ પ્રદેશના નેતાઓ ટિકીટ વિતરણની ઉલઝન અને પાર્ટીમાં શરૂ થયેલા અસંતોષમાંથી હજી સુધી બહાર આવી શક્યા નથી.

જો કે પાર્ટીના સૂત્રો કહે છે કે ચૂંટણી વચનો આપવામાં વિલંબ થયો છે પરંતુ ભાજપના પ્રદેશ નેતાઓએ ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓ તૈયાર કરીને ડ્રાફ્ટ હાઈકમાન્ડને મોકલ્યો છે. આ ડ્રાફ્ટમાં સુધારા વધારા થયા પછી ચાલુ સપ્તાહમાં ઢંઢેરો જાહેર થાય તેવી સંભાવના છે.

### કોંગ્રેસમાં બાકી મૂરતિયાઓ માટે ખણખોદ ચાલુ

# ચાર બેઠકો ભાજપ માટે બની માથાનો દુખાવો

### ભાજપના ૪ ઉમેદવારની જાહેરાત બાકી : આ ઉપરાંત ૩ બેઠકો પર કોંગ્રેસ-એનસીપી વચ્ચે ગઠબંધન

અમદાવાદ, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પાર્ટીઓ દ્વારા ઉમેદવારોના નામની જાહેરાતો કરવામાં આવી રહી છે, ત્યારે કોંગ્રેસ ગમે તે સમયે બાકી ઉમેદવારોની યાદી જાહેર કરી શકે છે. અત્યાર સુધી કોંગ્રેસે ૧૩૮ ઉમેદવારો જાહેર કર્યા છે. હજુ કોંગ્રેસે ૪૧ ઉમેદવારોની જાહેરાત કરી નથી. બીજા તબક્કાની ચૂંટણીના હજુ કેટલાક નામો બાકી છે. બીજી બાજુ, ભાજપના માત્ર ૪ ઉમેદવારના નામની જાહેરાત બાકી છે. આ ઉપરાંત ૩ બેઠકો પર કોંગ્રેસ-એનસીપી વચ્ચે ગઠબંધન થયું છે. ગઈકાલે ભારતીય જનતા પાર્ટીએ ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ૧૨ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. જેમાંથી ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી ભાજપે અલ્પેશ ઠાકોરને ટિકિટ આપી છે. રાધનપુરથી લવિંગજી ઠાકોરને ટિકિટ આપવામાં આવી છે. આમ, ભાજપ દ્વારા ૧૮૨માંથી ૧૭૮ ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. હજુ ચાર સીટના ઉમેદવાર જાહેર કરવાના બાકી છે. જેમાં ખેડા, ખેરાલુ, માંજલપુર અને માણસા બેઠક પર કોને ટિકિટ આપવી, તે નક્કી થઈ શક્યું નથી. આ અંગે ભારે મનોમંથન ચાલી રહ્યુ છે. જ્યારે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની છ યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં કુલ ૧૩૮ ઉમેદવારો જાહેર કરાયા છે. જ્યારે ૪૧ ઉમેદવારોની જાહેરાત બાકી છે. કોંગ્રેસે છઠ્ઠી યાદીમાં ૩૩ ઉમેદવારો જાહેર કર્યા હતા. જ્યારે પાંચમી યાદીમાં છ નામની યાદી જાહેર કરવામાં આવી હતી. બીજા તબક્કાની ચૂંટણીના હજુ કેટલાક નામો બાકી છે. આવામાં કોંગ્રેસ ગમે તે સમયે બાકી ઉમેદવારોની યાદી જાહેર કરી શકે છે. ગુજરાતમાં બે તબક્કામાં મતદાન યોજાશે. ગુજરાત ચૂંટણી માટે ૧ અને ૫ ડિસેમ્બરનાં રોજ મતદાન થશે. આ સાથે ૮ ડિસેમ્બરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. પ્રથમ તબક્કા માટે પાંચ નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે. જ્યારે, પ્રથમ તબક્કા માટે ૧૪ નવેમ્બર સુધી ભરી શકાશે ફોર્મ. પ્રથમ તબક્કા માટે ૧૫ નવેમ્બર સુધી ફોર્મ ચકાસવામાં આવશે. ૧૭ નવેમ્બર સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. બીજા તબક્કા માટે ૧૦ નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે. જેમાં ૧૭ નવેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. જ્યારે ૧૮ નવેમ્બરે ફોર્મ ચકાસણી હાથ ધરાશે અને ૨૧ તારીખ સુધી ફોર્મ પરત ખેંચી શકશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ને લઈને ચૂંટણી પંચે મતદાર સુધારણા કાર્યક્રમ બાદ મતદારોની અંતિમ યાદી જાહેર કરી હતી. પંચ તરફથી જાહેર કરવામાં આવેલી યાદીમાં, રાજ્યમાં કુલ ૪,૯૦,૮૯,૭૬૫ મતદારો નોંધાયા છે. આ સાથે જ, રાજ્યમાં ૧૧,૬૨,૫૨૮ નવા મતદારો નોંધાયા છે. કુલ મતદારોમાં ૨,૫૩,૩૬,૬૧૦ પુરૂષ અને ૨,૩૭,૫૧,૭૩૮ મહિલા મતદારો સામે આવ્યા છે. જેમાં, ૪ લાખથી વધુ વિકલાંગ મતદારો પણ નોંધાયા છે. કુલ મતદારોમાં ૧,૪૧૭ જેટલા ટ્રાન્સજેન્ડર મતદારોનો પણ સમાવેશ છે.

## ભાજપના ઉમેદવારોની જાહેરાત બાદ ચારે તરફ ઉકળતો ચરૂ

### હિંમતનગરના ઉમેદવાર વીડી ઝાલા સામે ભાજપમાં વિરોધ : કાર્યકરોના રાજીનામા

હિંમતનગર, તા.૧૫

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે બીજેપી ઈશ્યુ કરેલ મેન્ડેટ બાદ ચોતરફ ઉકળતા ચરૂની સ્થિતિ છે. આપ-કોંગ્રેસની સાથે હવે ભાજપમાં પણ વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. ગઈકાલે ધવલસિંહ ઝાલાની ટિકિટ કપાતા ભાજપના કાર્યાલય કમલમને કાર્યકરોએ બાનમાં લીધું હતુ અને સ્થિતિ એટલી વણસી ગઈ કે કમલમના દરવાજા બંધ કરવાની નોબત આવી ગઈ હતી.જોકે હવે સાબરકાંઠામાં ભાજપે જાહેર કરેલ ઉમેદવારનો વિરોધ જોવા મળી રહ્યો છે. હિંમતનગરમાં બીજેપીના જાહેર થયેલ ઉમેદવાર વી ડી ઝાલાનો વિરોધ થઈ રહ્યો છે. કાર્યકર્તા અને પદાધિકારીઓએ વિરોધ દર્શાવવા રાજીનામા સોંપી દીધા છે.વી ડી ઝાલાના વિરોધમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યોએ રાજીનામા ધરી દીધા છે. નગર પાલિકાના કોર્પોરેટરોએ પણ પોતાના પદેથી રાજીનામું આપ્યું છે. મળતી માહિતી પ્રમાણે ઝાલાના વિરોધમાં કુલ ૨૨ પદાધિકારીઓએ રાજીનામા ધરી દીધા છે પરંતુ હજી સુધી રાજીનામા સ્વીકારાયા નથી. મહત્વનું છે કેદ્ઘ સાંજ સુધીમાં ઉમેદવાર નહી બદલાય તો વધુ રાજીનામા પડવાની શક્યતા દેખાઈ રહી છે.

### જંગ ખેલાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પછી ઉમેદવારોની રેસમાં માણસા બેઠક પર સૌથી અગ્રેસર મનાતા અમીતભાઈ ચૌધરી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ વચ્ચે કમલમ્‌માં બેઠક યોજાઈ હતી. હવે સવાર સુધીમાં ઉમેદવારની પસંદગીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ગાંધીનગર (ઉ) દહેગામ, ગાંધીનગર (દ) બેઠક પર ત્રિપાંખિયો જંગ વધુ જામશે તેમ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

### પ્લાન તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામો તેમજ ક્ષતિગ્રસ્ત હોય તેવા કિસ્સામાં પણ રીપેરીંગ કરવા સહીતની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. ૨૫ જેટલા ગામોને અનુલક્ષી તૈયાર કરાયેલા આ સર્વેના અંતે હાલ પ્લાનીંગ અને ડિઝાઈનીંગની કામગીરી ચાલી રહી છે. જયારે લાંબા સમયના અંતે ગામોને સુવિધાથી સજ્જ કરવા તેમજ માળખાગત સવલતોને યોગ્ય કરવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવશે જયારે આ ગ્રામ વિકાસ યોજના અન્વયે અંદાજિત ૨૦૦ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવનાર છે. આ કામગીરીને અગાઉ મંજુરી પણ આપી દેવામાં આવી છે. જયારે હાલ ગ્રામ્ય કક્ષાએ આ નવતર કામોને અંજામ આપવા માટે યોગ્ય પ્લાનીંગ કરવામાં આવી રહ્યુ છે. જેના અંતે આગામી એક મહીના બાદ કામગીરી પણ શરૂ કરી દેવાશે.

### ગેસ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેઠવાનો વારો આવ્યો છે. ગુડા દ્વારા આવાસોમાં ગેસ લાઇનનુ જોડાણ આપવા માટે તેવા સમયે કોઈ આયોજન કરવામાં આવ્યુ ન હતુ જેના લીધે આજે સાત વર્ષના અંતે પણ આ આવાસોમાં ગેસ પાઈપલાઈનનુ ઠેકાણુ પડ્યુ નથી જયારે હાલ સોસાયટીના જાગૃત નાગરિકોએ જી એસ પી સી સમક્ષ રજુઆત કરી છે. જેના અંતે હવે સોસાયટીના રહીશો જી એસ પી સીમાં ફોર્મ અને ચેક ભરીને આગળ પુરતા સભ્યો થાય તેવા પ્રયાસો કરી રહ્ય છે. ચોકક્સ સંખ્યા થયા બાદ આ આવાસોમાં ગેસ લાઈનનુ જોડાણ આપવામાં આવશે તેમ પણ સ્થાનિકો જણાંવી રહ્યા છે. ગુડાના રાયસણ સ્થિત આવાસો ટુંકા ગાળામાં જ ખંડેર બન્યા છે ત્યારે આ સ્થિતિ વચ્ચે આવાસોના રીનોવેશન સહીત યોગ્ય માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ પ્રબળ બની છે. ગુડાની આ આવાસ યોજનાની બદતર કામગીરીને અનુલક્ષીને સ્થાનિક રહીશો પણ યોજનાના રીનોવેશન માટે સતત રજુઆત કરી રહ્યા છે.

### બોમ્બ મળ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા." અમે પાકિસ્તાની ડ્રોન દ્વારા કન્સાઈનમેન્ટ છોડવાની શક્યતાને નકારી શકીએ નહીં. મંગળવારે એક નિયંત્રિત વિસ્ફોટમાં આઈઈડી અને ટાઈમર નાશ પામ્યા હતા.

### અથડામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકમાં પહોંચ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના જૂથના કેટલાક શિવસેના કાર્યકરોએ ટીમ ઠાકરેના સભ્યોને માર માર્યો હતો. બંને પક્ષો તરફથી સૂત્રોચ્ચાર થતાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ અથડામણનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. ટોળાને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

### ૨૦૧૪ પહેલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબંધોને મોજાંની જેમ જીવંત અને ગતિશીલ રાખ્યા છે. તેમણે કહ્યું કે, ભારતની તેની સ્નેહમિલન માટે પ્રશંસા થઈ છે, પરંતુ ઈન્ડોનેશિયાના લોકોમાં કોઈ ઓછો લગાવ નથી. તેમણે ઉલ્લેખ કર્યો, 'છેલ્લી વખત જ્યારે હું જાકાર્તા આવ્યો ત્યારે મને ઈન્ડોનેશિયાના લોકોએ જે સ્નેહ અને પ્રેમ આપ્યો તે અનુભવ્યો હતો.

### કાળા વાંદરા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સોમવાર, ૧૪ નવેમ્બરના રોજ રાત્રે ૯ વાગ્યે જામીરા પોલીસ ચોકીમાં નાકા ચેકિંગ દરમિયાન એક ટ્રકની અંદરથી વાંદરાઓને છોડવામાં આવ્યા હતા.



મહેસાણા દૂધ સાગર ડેરીના આદ્યસ્થાપક સ્વ. માનસિંહભાઈ પટેલની જન્મ જયંતિ પ્રસંગે મહેસાણા દૂધ સાગર ડેરીના સંકુલમાં તેમની પ્રતિમાને દૂધ સાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ પુષ્પાંજલી અર્પણ કરી સાચી ભાવાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે નિયામક મંડળના ડીરેક્ટરો, ડેરીના એમ.ડી. સહિત ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિપુલ ચૌધરીના આપમાં જોડાવાની અટકળો પર પૂર્ણ વિરામ મૂકાયું

### અર્બુદા સેનાના અધ્યક્ષ અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી વિપુલ ચૌધરી આ વખતે ચૂંટણી નહીં લડે

મહેસાણા, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. દરેક પક્ષ પોતાના ઉમેદવારો જાહેર કરી રહ્યા છે. જેને પગલે વિરોધ અને નેતાઓની નારાજગી સામે આવી રહી છે. કેટલાક નવા ચહેરાઓને તક આપવામાં આવી છે તો કેટલાક જૂના જોગીઓનું પત્તુ કાપવામાં આવ્યુ છે. ત્યારે હવે મહેસાણા અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલ ચૌધરીને લઈને આપમાં જોડાવાને લઈને જે અટકળો વહેતી થઈ હતી તેના પર પૂર્ણ વિરામ આવી ગયો છે. અર્બુદા સેનાના અધ્યક્ષ અને ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી વિપુલ ચૌધરી આ વખતે વિધાનસભાની ચૂંટણી નહીં લડશે. મહેસાણાની અર્બુદા સેનાએ ચૂંટણીને લઈ મહત્વનો નિર્ણય કર્યો છે. અર્બુદા સેનાએ જાહેરાત કરી છે કે, તે ચૂંટણીમાં કોઈપણ રાજકીય પક્ષને સમર્થન નહીં કરે. દૂધ સાગર ડેરીમાં કરોડો રૂપિયાનું કૌભાડ કરનારા ભાજપના આગેવાન વિપુલ ચૌધરી આમ આદમી પાર્ટીની ટિકિટ પરથી વિસનગરની બેઠક પરથી ચૂંટણી લડશે તથા આજે માણસા નજીકના ચરાડા ખાતે અર્બુદા સેનાનો સ્નેહ મિલન કાર્યક્રમ છે તેમાં આપના સંયોજક અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની હાજરીમાં આપમાં જોડાશે તેવી અટકળોએ જોર પકડ્યુ હતું. ત્યારે આ તમામ અટકળો પર પૂર્ણ વિરામ મૂકાઈ ગયો છે.